શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત ગુજરાત ટાઉનપ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ હેઠળ છેલ્લા 6 માસમાં રાજ્યમાં ડેવલપમેન્ટ પ્લાન અને ટી.પી.સ્કીમો અંગે થયેલ કાર્યવાહી

(તા.17/7/13)

ગુજરાત ટાઉનપ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ અંતર્ગત ખેડા, વસો, ખેડબ્રહ્મા, માંડવી, આહવા અને ભાવનગર એમ કુલ 6 નગર/મહાનગરનાં ડેવલપમેન્ટ પ્લાનને પ્રાથમિક મંજૂરી આપી વાંધાસૂચનો આવકારવામાં આવેલ છે.

તેમજ વલસાડ, કોડીનાર, સિધ્ધપુર, ચાણસ્મા, રાણપુર, દ્વારકા, પોરબંદર અને નડીયાદ એમ કુલ 8 નગરનાં ડેવલપમેન્ટ પ્લાનને આખરી મંજૂરી આપવામાં આવેલ છે.

રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને સત્તામંડળોની 35 ટી.પી.સ્કીમોને મંજૂરી આપવામાં આવેલ છે. જેમા 9 ડ્રાફ્ટ સ્કીમ, 12 પ્રીલીમનરી સ્કીમ અને 14 ફાઈનલ સ્કીમનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત પૈકી, (1) વડોદરાની 1 ડ્રાફ્ટ, 1 પ્રીલીમનરી, અને 3 ફાઈનલ મળી કુલ 5 ટી.પી. (2) અમદાવાદની 2 ડ્રાફ્ટ અને 2 પ્રીલીમનરી મળીને કુલ 4 ટી.પી. (3) સુરતની 2 ડ્રાફ્ટ, 7 પ્રીલીમનરી અને 6 ફાઈનલ મળીને કુલ 15 ટી.પી. (4) નવસારીની 1 ડ્રાફ્ટ અને 1 ફાઈનલ મળીને કુલ 2 ટી.પી. (5) ગાંધીનગર 2 ડ્રાફ્ટ ટી.પી. (6) પાટણની 1 ડ્રાફ્ટ ટી.પી. (7) વલસાડની 1 ફાઈનલ ટી.પી. (8) સુરેન્દ્રનગરની 1 ફાઈનલ ટી.પી. અને (9) રાજકોટની 1 ફાઈનલ ટી.પી. મંજૂર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સ્લમ પોલીસી–2010 હેઠળ અમદાવાદની 4 યોજનાઓ અને વડોદરાની 1 યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે.

આમ, આ તમામ દરખાસ્તો તથા અન્ય દરખાસ્તો મળીને કુલ 86 દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ છે.

ડેવલપમેન્ટ પ્લાન અને ટી.પી.સ્કીમોની આવી મંજૂરીને કારણે જે તે મહાનગર/નગરનાં સુઆયોજીત અને સુગ્રથીત વિકાસને વેગ મળશે, આયોજનબધ્ધ વિકાસ થશે, સામાજીક અને ભૌતિક આંતરમાળખાકીય સવલતોનો વિકાસ થશે.

સૌનો સાથ... સૌનો વિકાસ.... જય જય ગરવી ગુજરાત...